MEDIA: FINANCIAL EXPRESS
DATE: 30 JAN 2015

# આઇનોક્સ ગુજરાતમાં ૫૪, રાજસ્થાનમાં ૧૧૮ મે.વો.ના વિન્ડ ફાર્મ્સ ઊભા કરશે

**પીટીઆઈ**

મુંબઈ,તા.૨૯

ગુજરાત ફ્લુઓરો કેમકિલ્સની પેટાકંપની આઈનોક્સ વિન્ડ (આઈડબ્લ્યુએલ)એ જણાવ્યું હતું કે તેને ગુજરાત અને રાજસ્થાનમાં અનુક્રમે ૫૪ મેગાવોટ અને ૧૧૮ મેગાવોટના વિન્ડ ફાર્મ સ્થાપવા માટે તાતા પાવર રિન્યુવેબલ એનર્જી (ટીપીઆરઈએલ) તરફથી બે કોન્ટ્રેક્ટ મળ્યા છે. તાતા પાવર રિન્યુવેબલ એનર્જી દ્વારા આઈનોક્સ વિન્ડને ગુજરાત તથા રાજસ્થાનમાં અનુક્રમે ૫૪ મેગાવોટ તથા ૧૧૮ મેગાવોટના બે વિન્ડ-ફાર્મા પ્રોજેક્ટ સ્થાપવા કોન્ટ્રેક્ટ મળ્યા છે, તેમ કંપનીએ એક યાદીમાં જણાવ્યું હતું. બન્ને રાજ્યોમાં પોતાના ૨ મેગાવોટ વિન્ડ ટર્બાઈન જનરેટર્સ (ડબ્લ્યુટીજી)ના ૮૬ એકમ શરૂ કરવા સમજૂતી પર હસ્તાક્ષર કર્યાં હતા. ગુજરાત પ્રોજેક્ટ જૂન,૨૦૧૫ સુધીમાં પૂર્ણ થઈ જાય તેવી શક્યતા છે ત્યારે રાજસ્થાન પ્રોજેક્ટ માર્ચ,૨૦૧૬ સુધીમાં બે તબક્કામાં પૂર્ણ થશે. આઈડબ્લ્યુએલ સ્થળને હસ્તગત કરવા, પ્રોજેક્ટ વિકસાવવા, રચના અને કાર્યરત માટે જવાબદાર રહેશે તેમ જ લાંબા ગાળા માંટે કામગીરી પૂરી પાડવાની રહેશે અને વિન્ડ પાવર પ્રોજેક્ટની જાળવણી પણ કરશે, તેમ અહેવાલમાં જણાવાયું હતું. વિન્ડ એનર્જીમાં ભારતમાં રહેલી સંભાવનાને આ સમજૂતી દર્શાવિ છે અને આઈનોક્સ આ સેક્ટરમાં ઝડપભેર પોતાની ઉપસ્થિતિને વધારી રહી છે. મૂલ્ય શ્રૃખલાને લઈ વિન્ડ એનર્જીમાં સર્વગ્રાહી ક્ષમતા મારફતે ભારે સ્પર્ધા જોવા મળે છે, અમે દેશમાં વિન્ડ એનર્જી પોર્ટફોલિયોમાં વૃદ્ધિ નોંધાવવામાં તાતા પાવરને મદદરૂપ બનશું, તેમ ઈનોક્સ વિન્ડના ચીફ એક્ઝિક્યુટીવ કૈલાશ તારાચંદાણીએ જણાવ્યું હતું.